Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



RNI રજી. બાદ વર્ષ : ૧૬ · અંક : ૩૮ · તા.૧૪થી ૨૦ સપ્ટેમ્બર ૧૩ · વાર્ષિક લવાજમ ₹ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

# ક.દ.ઓ. પ્રતિભાવંતોની જ્ઞાતિ છે તેની જીવંત મિશાલ કમલેશ મણિલાલ મોતા



કવિ કલાપી રૂપે



## રંગભુમિ પ્રવેશના ૩૦ વર્ષ પૂર્ણ થવા તથા ૧લી સપ્ટેમ્બર ૨૦૧૩નાં ૫૦માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે બહુમુખી પ્રતિભા પરિચય મુંબઇ સમાચાર સાપ્તાહિકની થર્ડબેલ કૉલમમાં પ્રગટ થયેલ તેમની કેફિયત પ્રમાણે.....



નરસૈયાનો નાથ નાટકમાં



મૃત્યુજંય નાટકમાં



મન મોજીલા નાટકમાં

પળ પળ બદલાતા સમય સાથે મારા સ્વાંગ પણ બદલાઇ રહ્યા છે. હું ક્યારેક 'કલાપી' નાટકમાં લાઠીનો મહારાજા કલાપી છું તો ક્યારેક 'અમારી દુનિયા, તમારી દુનિયા' નાટકમાં માત્ર અંતમાં દેખાદેતો બૂટપોલિશ કરવાવાળો રાજા છું. 'કાનજી વિરુદ્ધ કાનજી'માં સામાન્ય માનવીને દેખા દેતો અને ધર્મગુરુઓને નાચ નચાવતો મો.ડર્ન કૃષ્ણ પણ હું જ અને 'પ્રમેય'માં અસામાન્ય પ્રોફેસર તરીકે ગણિતની ગણતરીઓમાં જીવનનો હિસાબ ચૂકી ગયેલો આધેડ વયનો સામાન્ય પિતા પણ હું જ. ક્યારેક હું અભિનેતા છું તો ક્યારેક દિગ્દર્શક પણ છું. દિગ્દર્શક તરીકે લેખકના વિચારોને વાચા આપવી અને પાત્રમાં આરોપાયેલી ભાવનાઓને જીવંત બનાવવી. મંચ પર એ જ મારું ધ્યેય. વિવિધ પાત્રો, રંગમંચ પર વીતતી દરેક ક્ષણ મારા જીવનનું અભિન્ન અંગ બની છે. ૧૯૮૩થી શરૂ થયેલી કલાયાત્રા દરમિયાન નાટ્યકલામાં આવેલા અનેક પરિવર્તનનો હું સાક્ષી બનતો રહ્યો છું. એ અનુભવને આધારે જ કહી શકું છું કે પરિવર્તન માત્ર સંસારનો જ નહીં, નાટકનો પણ નિયમ છે. પરિવર્તન થકી નાટકની રસિકતા જળવાઇ રહેતી જોઇને મને નવીન પ્રકારના નાટ્યપ્રયોગો હંમેશાં આકર્ષિત કરતા રહ્યા છે.

રંગમંચ પર મારો પ્રવેશ થયો. ભારતીય વિદ્યા ભવન-કલાકેન્દ્ર અને આઇ.એન.ટી.ની ઇન્ટરકોલેજિયેટ ડ્રામા કોમ્પિટિશનથી, એકાંકીનું નામ, 'ગધે પે નિકલી સવારી' અને સરપંચનો રોલ. નાટક ફાઇનલ્સમાં સિલેક્ટ થયું. પહેલી વાર નજર સામે, હોલને પ્રેક્ષકોથી ખીચોખીચ થતો જોયો. કલાના કદરદાનોની તાળીઓ નાટકને જિતાડી ગઇ અને હું નાટ્યજગત પર દિલ હારી બેઠો. તાળીઓની ગુંજ મારી પ્રેરણા બની. સ્પર્ધા જીતતાં જ એકાંકીના ૫૦ શૉ ગોઠવાયા અને નાટ્યકલા મારું કાર્યક્ષેત્ર બની ગયું.

અનુસંધાન ૯માં પાને...



પ્રેમ ઘેરૈયા નાટકમાં



ગુરૂબ્રહ્મા નાટકમાં



કાનજી વિરુદ્ધ કાનજી નાટકમાં



દરિયા છોરૂ ફિલ્મમાં



મેડ ઇન ઇન્ડીયા નાટકમાં



નાટ્યકલાના બધા પાસાંના કસબી

# શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. લેડીસ વીંગની પહેલી સામાન્ય સભા







શ્રી ક.દ.ઓ. જી.વી.સી. લેડીસ વીંગની પહેલી સામાન્ય સભા **સોમવાર તા. ૨૬/૦૮/૨૦૧૩નાં બપોરનાં ૨.૦૦ ક.** શ્રી મહારાજા અગ્રસેન હોલ, ૯૦ ફૂટ રોડ મધ્યે **શ્રીમતી જયશ્રીબેન કાંતીલાલ દંડના** પ્રમુખ પદ હેઠળ રાખવામાં આવેલ હતી. આ સામાન્ય સભાના ચીફ ગેસ્ટ ઈનરવીલ ક્લબનાં ડીસ્ટ્રીક્ટ ચેરમેન **મૃદુલાબેન દંડ** હતા. સભાની શરૂઆત મૃદુલાબેનના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી ત્યાર બાદ **માતુશ્રી સરલાબેન નાગડાએ** શ્રી નવકાર મહામંત્રનું પઠન કર્યું.

ચાંદનીબેન ખોનાએ આવેલ સૌ બહેનોને આવકાર આપ્યો. આ મિટિંગનું સંચાલન હેમાબેન શાહએ કરેલ હતું. મિટિંગમાં લગભગ ૨૨૫ જેટલા સભ્યો હાજર રહ્યા હતા એમાંથી ૨૦૦ જેટલા સભ્યોએ મેમ્બરશીપ નોંધાવી હતી. મૃદુલાબેનનો પરિચય કાશ્મીરાબેન લુઠીયાએ આપ્યો. મૃદુલાબેને પોતાના વક્તવ્યમાં જી.વી.સી. લેડીસ વીંગના પ્રોજેક્ટમાં પોતાનાથી બનતી દરેક મદદ કરવાની તૈયારી દર્શાવી.

બહેનોએ પોતાના મંતવ્યો રજુ કર્યા તથા શુભેચ્છા સંદેશ વિમલાબેન પટેલ-કલ્પનાબેન ધરમશી-અલ્પાબેન ગોસર એ લેડીસ વિંગને આપ્યા. મિટિંગમાં સરપ્રાઈઝ ગીફ્ટ તેમ જ લક્કી ડ્રૉ રાખવામાં આવેલ. જયશ્રીબેને પોતાના વક્તવ્યમાં જી.વી.સી. લેડીસ વીંગની બહેનોને સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવા અપીલ કરી. સંપૂર્ણ પ્રોગ્રામનો તથા અલ્પાહારનો ખર્ચ શ્રીમતી જયશ્રીબેન દંડ દ્વારા આપવામાં આવ્યો. અલ્પહારની આઈટમો આપણી જ્ઞાતિની બહેનો દ્વારા બનાવવામાં આવી હતી. છેલ્લે રાજેશ્રી મોતાએ આભાર વીધી કરી કાર્યક્રમની પૂર્ણાહુતી કરી.









## આગામી કાર્યક્રમ

ગેરેજ સેલ જી.વી.સી. સંઘ લેડીસ વીંગે એક અનોખા સેલનું આયોજન કર્યું છે જેમાં આપણને ઘણી વખત ભેટ-સોગાદ-લાણી યા કોઈ પ્રસંગે મળેલ વસ્તુઓ કે જેનો આપણને કોઈ ઉપયોગ ન હોય યા તો વપરાયા વિનાની હોય, પરદા, બેડશીટ, સારી કંડીશનમાં, વાસણ, ક્રોકરી, બેગ, કપડા, રમકડા વગેરે આપ અમને આપી શકો છો જેના વેચાણમાંથી ઉપજેલ રકમ સમાજસેવામાં વાપરવામાં આવશે. આ વેચાણનું આયોજન તા. ૨૧, ૨૨ ઓક્ટોબર ૨૦૧૩ ના કરવામાં આવ્યું છે. વધુ વિગત આવતા અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.

UPASANA-9820167767

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી-09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 38/2013**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

### તંત્રીસમીપે

## અનંતસિદ્ધિ-અનંતભુવનનો પુનર્વિકાસ પારદર્શકપણે સર્વાંગિણ વિચારણા પછીજ....

શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા ટ્રસ્ટની 'અનંતસિદ્ધિ' (ભાંડુપ) અને 'અનંતભુવન' (મસ્જીદ બંદર / માંડવી)ની મિલકતોનો પુનર્વિકાસ કરવા સંદર્ભે પોતાની તત્પરતાની જ્ઞાતિને તાજેતરમાં જાણ કરાઈ છે, તેના પગલે જ્ઞાતિજનોમાં તે બાબતે ઉત્સુકતા, અટકળો અને અપેક્ષાની મિશ્ર પ્રતિક્રિયા આપી રહ્યા છે.

આને અનુલક્ષીને ટ્રસ્ટીઓ હવે વિગતવાર રૂપરેખા જ્ઞાતિ સમક્ષ મુકવાની ફરજ અદા કરે તે પહેલાં જ્ઞાતિના અન્ય અગ્રણીઓ અને ખાસ કરીને બિલ્ડર-ડેવલપરના વ્યવસાયમાં રહેલા જ્ઞાતિજનો સમક્ષ આ બન્ને અને અન્ય મિલકતો બાબત વિસ્તૃત માહિતીના આધારે ચર્ચા કરતી વખતે તે વ્યવસાયિકોના સુચનોના ગુણદોષો ઈત્યાદી બાબતે તેમની સાથેની સયુક્ત બેઠકોમાં ટ્રસ્ટીઓ કેટલી નિખાલસતા અને પારદર્શિતા દાખવે છે તે બાબતે પણ જ્ઞાતિજનોમાં ઉત્સુકતા છે.

આના મુખ્ય કારણમાં, જે રીતે થોડા સમય પહેલાં 'અનંત છાયા' બાબતે ટ્રસ્ટીઓની બિનપારદર્શક કાર્યશૈલીને લીધે જ્ઞાતિમાં જે રીતે અસંતોષ અને અણગમાનો દોર જારી થયો છે તે કરતાં પણ, તેવી કાર્યપદ્ધતિને કારણે તે મિલકતની પુનર્વિકાસની પ્રક્રિયા દોઢેક વર્ષ લંબાઇ ગઇ અને તેથી ભાડુતોને પણ અમુક અંશે સહન કરવું પડ્યું તેવી પરિસ્થિતિ હવે ફરીથી ન ઉદ્‌ભવે તે સૌના હિતમાં છે અને ઇચ્છનીય છે.

હકીકતમાં, ટ્રસ્ટીઓ સામે ચાલીને આ પ્રકારે એટલે કે ટ્રસ્ટના વહિવટ તેમજ મહાજનશ્રીની પ્રવૃતિઓ બાબતે સંબંધીત વિષયે જે જે જ્ઞાતિજનો તેને સંલગ્ન વ્યવસાયિક અને અન્ય માહિતી, સંબંધ, સંપર્ક ધરાવતા હોય તેમની સાથે અલાયદી (જ્ઞાતિજનોની સામાન્ય હાજરીમાં નહિં) રીતે સંયુક્ત બેઠકો ગોઠવી તેમાં તેમના દ્વારા નિખાલસ અને ખુલ્લા મનનો અભિગમ દર્શાવાય તેવી, તેમની યુવા વયને અનુરૂપ અને સુસંગત સ્વાભાવિકતા તેઓ આવનારા દિવસોમાં બતાવશે તોજ તેમની અને મુંબઇ તેમજ અન્ય મહાનગરોના અને દેશાવળોના જ્ઞાતિ અગ્રણીઓ અને કાર્યકર્તાઓ વચ્ચે વધી રહેલું અંતર દૂર થશે. ટ્રસ્ટીઓની આ પ્રકારે વધતી જતી અલિપ્તતા તેમના મુંબઇ મહાજનશ્રીના હોદ્દેદારો તરીકેની પ્રતિમાને પણ અસર કરે છે તે જ્ઞાતિની એકતાની દ્રષ્ટિએ જ્ઞાતિ માટે ચિંતાનો વિષય ન બનવો જોઇએ તે વાત સૌએ ધ્યાનમાં રાખી દરેકેદરેક જ્ઞાતિજને તે માટે પ્રમાણિકપણે પ્રયત્નશીલ થવું પડશે, એ વિષે બે મત ન હોઇ શકે.

હવે, મુખ્ય વિષય પર આવીએ તો સૌ પ્રથમ, આ સ્થળે અગાઉ સુચવાયું છે તેમ, અનંતછાયાનું વેચાણ મુંબઇ હાઇકોર્ટે માન્ય રાખ્યું એટલે કોઇપણ મિલકતનો પુનર્વિકાસ કરવો હોય તો તેનું વેચાણ કરવા સિવાય વિકલ્પ નથી એવો ચુકાદો હાઇકોર્ટે આપ્યો છે તેવી કોઇ ગેરસમજ કરવાની નથી. અલબત, ઉક્ત ચુકાદાની પુનર્સમીક્ષા (રિવ્યુ) માટેની એક અરજી દાખલ થયેલ છે. તે વિષયે હાઇકોર્ટ જે પણ નિર્ણય લેશે તેને અત્યારે વધુ મહત્વ આપ્યા વિના, એ મુદ્દાનો ખ્યાલ રાખવો જરૂરી છે કે જાહેર ટ્રસ્ટની મિલકતોના દરેક કિસ્સાની અલગ અલગ અને આગવી વિશિષ્ટ વસ્તુપરિસ્થિતિ હોવાથી કાનૂની દ્રષ્ટિએ કોઇ એક સામાન્ય નિયમ ઠરાવી શકાતો નથી તેવું સુપ્રીમ કોર્ટે અને ઉક્ત ચુકાદામાં સુધ્ધાં નામદાર ન્યાયમુર્તિએ નિર્દેશ કરેલ જ છે.

એટલે, ટ્રસ્ટીઓએ અનંતસિધ્ધિના પુનર્વિકાસ માટે તેનું વેચાણ કરવાનો વિચાર માત્ર પણ ન કરવો જોઇએ તેવી સમગ્ર જ્ઞાતિમાં પ્રવર્તિત દ્રઢ લાગણી-

વિચારસરણીનો આદર ટ્રસ્ટીઓ રાખશે જ એવી અપેક્ષાનું સકારાત્મક સમર્થન તેઓ વહેલામાં વહેલી તકે જ્ઞાતિ સમક્ષ જાહેર કરે એ આ બાબતે જ્ઞાતિમાં અકારણ તર્કવિતર્કો ન થાય તે માટે અને ટ્રસ્ટીઓના પોતાના હિત માટે પણ સૌ પ્રથમ જરૂરી બને છે.

અત્રે જેમ 'અનંત છાયા' બાબતે અગાઉ સુચવાયું હતું તેમ ફરીથી સ્પષ્ટ કરીએ તો ટ્રસ્ટની મુંબઇના પરામાં (સેન્ટ્રલ લાઇનમાં શિવ અને વેસ્ટર્ન લાઇનમાં માહિમ બહારના વિસ્તારમાં) આવેલી જમીનો / મિલકતોનો પુનર્વિકાસ કરવા માટે તેમનું વેચાણ કરવાનું બિલ્કુલ જરૂરી નથી. તેને બદલે, જ્ઞાતિ અને ટ્રસ્ટના હિતમાં એવી નીતિ અપનાવવી જરૂરી છે કે આ મિલકતોના પુનર્વિકાસ માટે તૈયાર થનાર ડેવલોપરે ભાડુતોને નવા બંધાયેલા મકાનમાં ફરીથી વસાવ્યા બાદ જમીનના જે ભાગમાં તેણે સ્વતંત્ર રીતે વેચાણ માટે મળેલ ફ્લેટોનું મકાન (ટાવર) બાંધ્યું હોય તે ભાગ / ટુકડાને સંલગ્ન જમીન તેને લીઝ પર અપાય અને આવા ભાગને ફાળે આવતી ભવિષ્યની વધારાની એફ.એસ.આઇ., ટી.ડી.આર., વગેરેના ઉત્તરોતર મુલ્યવૃદ્ધિ ધરાવતા હક્કો પણ ટ્રસ્ટ પાસે અબાધિત રહી શકે. આ નીતિ અપનાવીએ તો 'અનંત સિદ્ધિ'નો પુનર્વિકાસ ટ્રસ્ટ એટલે કે જ્ઞાતિ તેની માલિકી ગુમાવ્યા વિના કરી શકે તેમ છે તે હકીકત નિર્વિવાદ છે.

આ દ્દષ્ટિકોણથીજ શ્રી સમસ્ત મહાજનશ્રીએ જ્ઞાતિ વસવાટના વિવિધ વિસ્તારોના જ્ઞાતિજનોનો જે સૈદ્ધાંતિક મત મેળવ્યો હતો તેને તેમણે શ્રી અનંતનાથજી ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટબોર્ડને સંબોધિને ડિસેમ્બર ૨૦૧૨માં લખેલ પત્રમાં વાચા આપી હતી. આ પત્રમાં વ્યક્ત થયેલ જ્ઞાતિ જનાદેશને ધ્યાનમાં રાખીને કહી શકાય કે સમગ્ર જ્ઞાતિ 'અનંત સિદ્ધિ' જેવી મોકાની અને ભાંડુપ જેવા સતત વિકાસશીલ તેમજ હવે ઉચ્ચ મધ્યમવર્ગીય અને આધુનિક બની રહેલ વિસ્તારમાં ઊંચી શાખ-શાન ધરાવતી આપણી જ્ઞાતિની મિલકતનું વેચાણ ન જ થવું જોઇએ એવી તીવ્ર લાગણી-અભિપ્રાય હજી પણ ધરાવે છે. તે હકીકતથી ટ્રસ્ટીઓ અજાણ હોય તે શક્ય-સંભવિત નથી.

'અનંત સિદ્ધિ' મિલકતને તેના પોતાના વિશિષ્ટ અલગ જે પરિબળો સ્પર્શે છે તે ધ્યાનમાં લઇએ તો આ મિલકત કેટલાક સરકારી રેકોર્ડપર હજી પણ શ્રી અનંતનાથજી ટ્રસ્ટના નામે નહીં પરંતુ શ્રી કચ્છી દશા ઓસવાલ ટ્રસ્ટ (હા, એમજ, પાંચ શબ્દો)ના નામે ઊભી છે તેથી તમામ સરકારી રેકોર્ડપર તે વર્તમાન અનંતનાથ ટ્રસ્ટની મિલકત રૂપે નોંધવાની વિધિ પૂર્ણ થાય તે પહેલાં કાયદેસર રીતે તેના 'પુનર્વિકાસ' માટે જાહેરમાં ઓફરો મંગાવી શકાય નહીં તેવો કાનૂની પ્રશ્ન હલ થવો જરૂરી છે.

તેવીજ રીતે વર્ષ ૧૯૬૭ની આસપાસ, તે વખતના શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન હસ્તક સ્કીમ ફંડોના ટ્રસ્ટનું વિલીનીકરણ 'શ્રી અનંતનાથજી ટ્રસ્ટ'માં થયું તેને લગતા મુંબઇ હાઇકોર્ટના ચુકાદામાં એવો સ્પષ્ટ આદેશ અપાયો છે કે તે 'સ્કીમ ફંડ ટ્રસ્ટ'ની આ મિલકત પણ જે ઉદ્દેશ (ફક્ત સેનોટોરિયમ એટલે કે ફક્ત આરોગ્યલક્ષી વસવાટ/બાંધકામ માટેનો) ધરાવે છે તે માટે જ તેનો ઉપયોગ કરી શકાય. આમ આ આદેશને લીધે, અત્યારની કાનૂની પરિસ્થિતિ 'અનંતસિદ્ધિ'ના અનિયંત્રિત કે મુક્ત 'પુનર્વિકાસ' કરવામાં બાધારૂપ બને છે. આ માટે ટ્રસ્ટે સમુચિત કાનુની કાર્યવાહી કરવાની રહે છે, તે પહેલાં તેના પુનર્વિકાસ માટેની સ્પષ્ટ ભુમિકા જ્ઞાતિ સમક્ષ નિર્ધારિત થઇ શકશે નહીં, એ મુદ્દો પણ મહત્વનો છે.

આ ઉપરાંત 'અનંતસિદ્ધિ'ને લગોલગ આપણીજ જ્ઞાતિની માલિકીનું અને શ્રી અનંતનાથજી જિનાલય જેટલીજ સમકક્ષ શ્રદ્ધેયતા અને આસ્થા ધરાવતું 'શ્રી આદેશ્વર દાદા'નું દેરાસરજી અને જમીન આવેલા છે. એટલે 'અનંતસિદ્ધિ'ના પુનર્વિકાસની પ્રસ્તાવિત યોજનામાં જ્ઞાતિએ ચોક્કસપણે એ ખ્યાલ રાખવો પડશે કે ભવિષ્યમાં 'અનંતસિદ્ધિ' પર બહોળી બહુમતીમાં આપણા જ્ઞાતિજનોનો વસવાટ ચાલુ રહે અને તે હેતુથી આ યોજનામાં જ્યાં સુધી ભાડુતોને લાગે વળગે છે ત્યાં સુધી તેમની સાથે એ મુદ્દે એટલે


મન-વચન-કાયાના ત્રિવિધ યોગથી ક્યાં, કોઇ પ્રકારે કોઇનું મન દુભાવ્યું હોય તો આ સંવત્સરી પર્વના પ્રકાશમાં અંતરથી સૌને...

**''મિચ્છામિ દુક્કડમ્''**

**શ્રી સોમચંદ વેલજી લોડાયા**

**'મા-ઓમ' પરિવાર** (આરીખાણા-મુલુન્ડ)

વીતેલા વર્ષ દરમ્યાન જાણતા-અજાણતાં કોઇના મનની દુભાવના થઇ હોય તો અમારા પરિવારની સૌને અંતઃકરણથી

**''મિચ્છામિ દુક્કડમ્''**

**શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા પરિવાર**

**(લલાપો) બાયઠ (કચ્છ)**

કે ત્યાં વસવાટ ચાલુ રાખવાનો આગ્રહ રાખવો જરૂરી બનશે, અન્યથા આપણી નગણ્ય વસતિવાળી પુનર્વિકાસ પામેલી મિલકત પર ઈતર ધર્મીઓ કે ઈતર જૈનોની બહુમતીમાં વસતી હશે તો આપણી ભવિષ્યની પેઢીને અહિંથી પસાર થતાં આ દેરાસરજી આપણી માલિકીનો છે તેમ કહીને ખોટો આત્મસંતોષ લેવાની અથવા તેના પૂજા-દર્શનમાં ઈતર જૈનોને વ્યવહારિક અર્થમાં કબજો સોપી દીધાની નોબત આવશે.

તેવીજ રીતે અનંતભુવનના પુનર્વિકાસ કરવા બાબતે પણ ટ્રસ્ટીઓ જ્ઞાતિસમક્ષ વિગતવાર રૂપરેખા મુકવા પહેલાં જ્ઞાતિના આ ક્ષેત્રમાં પ્રવૃત્ત વ્યવસાયિકોનો સુચનો ઈત્યાદી પર વિચારવિમર્શ કરવા પારદર્શિતા દર્શાવશે એ પ્રકારની જ્ઞાતિની અપેક્ષા ન સંતોષાય તે માટે કોઈ કારણ હોવું ન જોઈએ. ફક્ત એટલું જોવાનું છે કે નવા અનંતભુવન તરીકે ઓળખાતી બિલ્ડીગમાં મુખ્યત્વે કમર્શિયલ ઓફિસો, ગોદામો વિગેરે હોવાથી તે 'સેસ્ડ' બિલ્ડીંગ નથી, જ્યારે જુનું અનંતભુવન એ 'સેસ્ડ' બિલ્ડીંગ છે, જે માટે હાલ ત્રણ ગણી એફ.એસ.આઈ. મળી શકે છે. તેવી પરિસ્થિતિમાં આ બન્ને મકાનોના રૂમ, ઓફિસ અને ફ્લેટ ધારકોને સાથે લેવા કે ન લેવા તેનો મ્યુનીસિપલ નિયમોને અનુલક્ષીને શ્રેષ્ઠ વિકલ્પ શોધવો પડશે. તેમજ, આ મિલકતને અડીને રેલ્વેલાઈન હોવાથી કેન્દ્રીય રેલ્વે મંત્રાલય પાસેથી લેવી પડતી મંજુરી મેળવવામાં વ્યવહારમાં ઘણો સમય જશે તે હકીકત છે. બીજું, આ વિસ્તારમાં ખરેખરા ખરીદનાર ઈતર ધર્મીઓ હોઈ, પહેલાં તો કોઈ સાધર્મીક કે માન્ય ધાર્મિકના નામે લેવા એમ.ઓ.યુ. કરાય છે અને ત્યારબાદ ચેરીટી કમિશનરની મંજુરી મેળવ્યા પછી ઈતર ધર્મી નોમીની તરીકે આગળ આવે છે અને એ રીતે બેનામી સોદાની ઘણા થાય છે. એવી કોઈ વાતમાં આપણા ધાર્મિક ટ્રસ્ટની મિલકત ન સંડોવાય એ મુદ્દે પણ ઘણી તકેદારી રાખવી પડશે.

જ્ઞાતિ આગેવાનો તથા ભાડુતો તેમજ એક અર્થમાં જ્ઞાતિએ આ આંટીઘુંટીઓ અને સઘળા પરિબળો પર સર્વગ્રાહી વિચારણા કરવી જ પડશે.

ટ્રસ્ટની વધુને વધુ મિલકતોનો પુનર્વિકાસ થાય અને જ્ઞાતિને તેમાંથી વધુને વધુ લાભ મળે તેમજ તે મિલકતોની માલિકી માત્ર ભાવનાત્મક કારણોસર નહીં પણ ભાવિ લાભોની દૃષ્ટિએ પણ જ્ઞાતિ પાસે રહે એ પર ભાર આપવો જ રહ્યો.

**- રા.**

**શ્રી આદેશ્વરજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડસ્ અને**
**શ્રી કચ્છ મંજલ રેલડિયા ક.દ.ઓ. જૈન મહાજન હસ્તક ફંડસ્ ટ્રસ્ટ**

## શ્રધ્ધાંજલી



: જન્મ :
તા.૦૬.૧૦.૧૯૩૬

: અરીહંતશરણ :
તા.૯.૯.૨૦૧૩

**શ્રી કાંતિલાલ અરજણ ચાંપશી દંડ**
**(મંજલ રેલડિયા-મુલુન્ડ)**

- અમારા ટ્રસ્ટનાં ટ્રસ્ટી તરીકે વર્ષ ૧૯૬૮થી ૧૯૮૦ અને વર્ષ ૧૯૮૯થી મરણોપર્યંત નિસ્વાર્થ સેવા
- શ્રી મંજલ જિનાલયનાં જિર્ણોદ્ધાર તથા શતાબ્દિ મહોત્સવના કાર્યમાં તન-મન-ધનથી સેવા યોગદાન
- સમાજ તેમજ કુટુમ્બ માટે ભોગ આપનાર કર્મનિષ્ઠ, સેવાભાવી કાર્યકર અને સ્પષ્ટવક્તા
- અમારા ટ્રસ્ટનાં સર્વે કાર્યોમાં છેવટ સુધી ખભેખભા મિલાવી વડિલ તરીકે માર્ગદર્શન આપ્યું

**સેવાભાવી કાર્યકરને ભાવભીની શ્રદ્ધાંજલિ**




## અતિથીગૃહ અને મહાજનવાડી

૧૫ ઓગસ્ટ ૨૦૧૩નાં "KDO WORLD" માં મુંબઇ મહાજનશ્રીના પ્રમુખશ્રીએ 'અનંતછાયા'ની જેમ 'અનંતસિધ્ધી' અને 'અનંતભૂવન' રિડેવલપ કરવાની ભાવના વ્યક્ત કરી છે.

'અનંતછાયા'ના વેંચાણ માટે જે કારણો આપવામાં આવ્યા તેમાં ફંડની કમી એ મુખ્ય કારણ હતું. હાલમાં ટ્રસ્ટને 'અનંતછાયા'ના વેંચાણ પેટે રૂા.૪૫ કરોડ મળ્યા છે.

તો પ્રમુખશ્રીએ પોતાની વ્યવસાયિક આવડતનો જ્ઞાતિને લાભ આપી ટ્રસ્ટના નેજા હેઠળ આ મિલકતોનો વિકાસ કરવો જોઇએ જેથી જમીનનો હક્ક અને વિકાસનો નફો બેઉ આપણાં ઘરમાંજ રહે. તેમાંથી અતિથિગૃહ અને મહાજનવાડી બેઉ ત્યાં ઉપલબ્ધ થઇ શકે.

**વડાલા-૨૭.૮.૧૩ અશોક સોમચંદ દંડ**

## શૈક્ષણિક માહિતી માર્ગદર્શન

જે વિદ્યાર્થીઓ ધો.૧૨માં વિજ્ઞાન વિભાગના ઉત્તીર્ણ થતા મેરીટના છાત્રો inspired scheme હેઠળ રૂા.૮૦૦૦૦ની શિષ્યવૃત્તી Scholarship for higher education (SHE) માટે પાંચ વર્ષ માટે પાત્ર બને છે.

મારી સુપુત્રી ચિ. નેહા માટે આ અંગે અરજી કરેલ ત્યારે જાણવા મળ્યું કે આ સ્કોલરશીપ ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે એ વિદ્યાર્થીઓ બેઝીક વિજ્ઞાનના વિષયો જેવાકે મેથ્સ, ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, બોટની, ઝુઓલોજી આદિ વિષયો Bsc. Msc સાથે ડીગ્રીમાં પ્રવેશ કરે. એવી પણ માહિતી મળી કે જો વિદ્યાર્થીઓ મેડીકલ કે ઇન્જીનીયરીંગમાં પ્રવેશ કરે તો એ સ્કોલરશીપને પાત્ર હોવા છતાં તે મળી શકે નહીં. આ બાબતે અનુદાતા ટ્રસ્ટો અને સંસ્થાઓએ નોંધ લઇ વિદ્યાર્થી અને વાલીએ અગાઉથી યોગ્ય તપાસ કરી માહિતી મેળવી લેવી જરૂરી છે.

***મહેશ કાંતિલાલ મોતા** (જલગામ)*

શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

**(રંગપુર-કોઇમ્બતુર)**

## ઝુકી તો જવાય ને !

**શ્રી મેઘજી ભાણજી પોલડીયા** (ડુમરા-નાગપુર)

કચ્છી નવું વર્ષ એટલે અષાઢી બીજ. નાગપુર મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી મેઘજીભાઇ લગભગ ૫૦/૬૦ વરસોથી નાગપુરમાં રહે છે. અંદાજે ૨૦ વરસથી તેઓ અષાઢી બીજના સમસ્ત નાગપુર ક.દ.ઓ. સમાજ, વીશા સમાજના અમુક ઘરો તથા અડોશી-પડોશીઓને પોતાના ઘરે આમંત્રિત કરે છે. મહાકાળીની ભાવના રાખો છે અને તે પછી સ્વામીવાત્સલ્ય હોય છે. આ પ્રસંગે નાગપુર ક.દ.ઓ. સમાજના અંદાજે ૮૦% લોકો હાજર હોય છે. આ વખતે લગભગ સમસ્ત જ્ઞાતિજનો એક-બીજાને મળે છે. કચ્છી નવા વરસે સમસ્ત જ્ઞાતિબંધુઓને એકછત્ર નીચે લાવવાની એમની ભાવના સમક્ષ ઝુકી તો જવાય ને !

***- સૌ. પુનમ (ખમા) પ્રફુલ મોમાયા** (નાગપુર)*

### જાહેરખબર દાતાઓને સુચના

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઇટ છે કે કલર છે, જા.ખ.ની સાઇઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

**મંજલ રેલડીયા-ધરમશી પરિવાર**

આપણાં કુળદેવીને નમતા ભાવિકોને આમંત્રિત કરીએ છીએ કે માની ગંધી બદલવાનું તથા પહેડી પ્રસાદ કરવાનો કાર્યક્રમ રવિવાર તા.૧૭.૧૧.૨૦૧૩ (કારતક સુદ પૂનમ)ના રાખેલ છે. તો આ પ્રસંગે સર્વે ભાવિકોને તથા નિયાણી બહેનોને સહકુંટુબ પધારવા આમંત્રણ છે.

**-: સંપર્ક :-**

**વિજયભાઇ ધરમશી 0983366736**

**ધનજીભાઇ ધરમશી 09323645340**

**નવિનભાઇ ધરમશી 2490887**

## વનિતા વિશ્વ - ગીતાબેન જૈન (મુલુન્ડ)

**इरादा हो अगर तेरा तो, हर तरफ से रास्ता है ।**

આજથી આશરે ચાલીસ વર્ષ પૂર્વ મુંબઈના ઘાટકોપરમાં રહેતી એક મુગ્ધા એમ.એની તૈયારીઓમાં વ્યસ્ત હોય અને એની સગાઈ છેક ધમતરીમાં ગોઠવાઈ જાય તો ! એ મુગ્ધા કેટલીય અસંમજસમાં પરોવાઈ જાય એની તો આપણે માત્ર કલ્પના જ કરી શકીએ. એમાંય આજની આધુનિક યુવતી તો આવી કલ્પના કરવા ય રાજી ન થાય. મુંબઈ માટે તો આજે એમ કહેવાય છે કે વેસ્ટમાં રહેતી છોકરી ઈસ્ટમાં ય પરણવા નથી ઈચ્છતી !

પણ આ મુગ્ધા પરણીને ધમતરી પહોંચ્યા પછી થોડા જ સમયમાં સર્વે અવઢવ/મુંઝવણ/અનિશ્ચિતતામાંથી બહાર આવી ગઈ હતી. હા, એ માટે પોતાના સાસુમાં-**ચંપાબેન ઉમરશી શિયાડ**ને આજે આદરસહ યાદ કરે છે. સાસુજીએ એમ.એની પરિક્ષા આપી માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરવાની અનુમતિ આપી. ચાલીસ વર્ષ પૂર્વેની આ ઘટના રોમાંચક જ છે. સાસુમાની દોરવણી/કેળવણી, સંયુક્ત પરિવારની પરવરિશ અને પતિ ભૂપેન્દ્રભાઈના સમૃદ્ધ સાંનિધ્યે આ યુવતી ધમતરીની બની રહી.

આજે ધમતરીની કોઈપણ સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આરોગ્યલક્ષી કાર્યક્રમ હોય તો આ બેન સંપૂર્ણ ભાર સંયુક્ત પરિવારના સહયોગથી શિરે વહન કરે છે, એ બેન છે **રાજુલાબેન ભૂપેન્દ્રભાઈ શિયાડ** (જખૌ).

*ज़फर क्या पूछता है राह मुजसे मिलने की,*
*इरादा हो अगर तेरा तो हर तरफ से रास्ता है ।*

ધમતરીમાં સર્વપ્રથમ બ્યુટી પાર્લર, મહેંદી વર્ગ, હેરસ્ટાઈલ વર્ગ, કુકીંગ ક્લાસ, ફેબ્રીક પેઈન્ટીંગ, આર્ટસ અને ક્રાફ્ટ ક્લાસીસની શરૂઆત કરનાર રાજુલાબેનની બે-બે પેઢીઓની બેનો સાથે ઘરોબો કેળવાયેલો છે. એ મેં યોગ શિબિરના સંચાલન વખતે અનુભવ્યું. મા કે સાસુની સાથોસાથ દિકરી કે વહુ સાથે પણ મિત્રતા ! જે મળે તે એમને અભિવાદન કરે જ !

ત્રેંસઠ વર્ષીય રાજુલાબેનની સક્રિયતા આજે પણ યથાવત્ છે. સામાન્યપણ ઉંમરે બહેનો ઘરકાર્યમાંથી ય મુક્તિ લે છે ને કાં તો ધાર્મિક કાર્યોમાં ગોઠવાઈ જાય અથવા ઘરમાં પડી રહે, ત્યારે અહીં રાજુલાબેન સર્વેથી અલગ છે.

આ અલગપણું એમનામાં એમના દાદા બ્રિટિશ જમાનામાં સ્મોલ કોઝીઝ કોર્ટના જજ શ્રી લખમશી હીરજી મૈશેરી (સાંયરા) તરફથી પ્રાપ્ત થયેલ અણમોલ ભેટ છે. એવું રાજુલાબેન સહર્ષ જણાવે છે. વર્ષો ધમતરીમાં રહેતા રાજુલાબેન કહે છે કે *मेरे विकास में मेरी बडी मम्मी देवकुंवरबेन नवीनचंद मैशेरी का वरद हस्त रहा है ।* એઓ મુંબઈમાં ભગિની સમાજના વર્ષો સુધી કોષાધ્યક્ષ રહ્યા હતા અને ધમતરીમાં રાજુલાબેન મહિલા સમાજના પાંત્રીસ વર્ષ સુધી કોષાધ્યક્ષ હતા અને હવે ઉપાધ્યક્ષની જવાબદારી નિભાવી રહ્યા છે.

આ સંસ્થા ધમતરીના હૃદય સમાન વિસ્તારમાં ત્રણ માળનું મકાન ધરાવે છે ને વીસ હજાર સ્કે.ફીટથી વધુનું બાંધકામ છે. જેમાં આજે વર્કીંગ વુમન હોસ્ટેલ, ડાન્સીંગ ક્લાસ, સીલાઈ શિક્ષણ વર્ગ, એમ્બ્રોયડરી વર્ગ અને કોમ્પ્યુટર વર્ગ છે. આ ઉપરાંત અનેક સામાજીક ઉત્થાનના કાર્યો કરતી આ સંસ્થા વિવિધ શિબિરો જેમકે એક્યુપ્રેશર, દંતચિકિત્સા અને મેડીકલ ચેક અપ વગેરે વારંવાર યોજે છે.

મેં રાજુલાબેનને પૂછ્યું - ‘‘તમે મુંબઈથી ધમતરી આવ્યા, અહીં ખુશ છો?’’

એમનો જવાબ પ્રેરણાદાયી છે. ‘‘હા ! હું ખુબ જ ખુશ છું કારણ કે મારા પરિવારે મને ખુબ જ સધિયારો અને સપોર્ટ આપ્યો જેથી હું દરેક સામાજીક ગતિવિધિમાં જોડાઈ શકી. મને અહીં કોઈ બંધન નથી, મુક્તપણે મારી પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહી જીવનનો આનંદ પ્રાપ્ત


**‘‘મિચ્છામી દુક્કડમ’’**

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

અમારા બહારગામ રહેતા માનવંતા ગ્રાહકોનાં આગ્રહથી તા. ૧૫ સપ્ટેમ્બર થી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૩ સુધી તૈયાર તથા ઓર્ડરની સાડીઓ પર 10% થી 15% નું ડીસ્કાઉંટ.

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

संपर्क: दिनेश देढिया - 92234 25676

*'વનિતા વિશ્વ'*

કરી રહી છું. કદાચ હું કોઇ મોટા શહેરમાં હોત તો આટલું ન જ કરી શકી હોત. મોટા શહેરમાં ક્યાંય જવા વાહન જોઇએ, કંપની જોઇએ અને સમયનો પણ ઘણો ભોગ આપવો પડે. મને નાના શહેરનો ખુબ જ ફાયદો થયો. અહીંના આત્મીયતાભર્યા વ્યવહારથી અમે સર્વે નાત-જાતના ભેદ વગર મહિલા સમાજની પ્રવૃતિઓમાં ગળાડૂબ છીએ જે કદાચ મોટા શહેરમાં ન મળત ! અહીંયા ક.દ.ઓ.ના માત્ર બે જ ઘર છતાં મને અજાણ્યું ક્યારેક પણ ન લાગ્યું. સૌ સાથે સમરસ થઇને અમે કામ કરતા રહીએ છીએ. મહિલા સમાજને લઇને અલગ અલગ જગ્યાએ કોંન્ફરન્સ, સભા આદિમાં જવાની પણ તક મળે."

વર્ષોથી લાયોનેસ કલબ સાથે જોડાયેલા રાજુલાબેનની મહેમાનગતિ માણવા જેવી છે. દસ દિવસ સુધી એમના ઘરે રહેવાનો અમૂલ્ય મોકો મને મળ્યો.

ચાલીસ વર્ષ પૂર્વે માતા-પિતાના નિર્ણયમાં શ્રધ્ધા રાખી અને સસુરપક્ષ માટે આશા રાખી ભૂપેન્દ્રભાઇ સાથે સંસાર શરૂ કરનારા રાજુલાબેનનું જીવન આજે શૈલી, દિપ્તી, ખુશ્બુ અને તેજસથી મધમધી રહ્યું છે.

***(નોંધ : 'વનિતા વિશ્વ' માટે ઉપયોગી પ્રેરક દાખલા, નારીશક્તિ વિશેષ, પરિચય-લેખ મોકલવા વિનંતી છે.)***

## તરૂણોને સંદેશો

હાથ જોડીને તને વિનવું, આડી વાટે જતો નહી.
સુશિક્ષીત યુવાન તું, આત્મહત્યા કરતો નહી (૧)

ચૌફૂલીનો સિગ્નલ નાહક તોડતો નહીં.
હાથ જોડીને તને વિનવું, આડી વાટે જતો નહી (૨)

પરમિટ રૂમ અને બીઅર બારની પાયરી તું ચઢતો નહી
હાથ જોડીને તને વિનવું, આડી વાટે જતો નહી (૩)

શોખ સમજીને તંબાકુ, ગુટકો ખાતો નહી
હાથ જોડીને તને વિનવું, આડી વાટે જતો નહી (૪)

છોકરીઓની પાછળ નાહક અહીં તહીં ફરતો નહી
હાથ જોડીને તને વિનવું, આડી વાટે જતો નહી (૫)

છોડ સંગત આ સફેદ ડગલાવાળા રાજકારણીઓની
હાથ જોડીને તને વિનવું, આડી વાટે જતો નહી (૬)

ટી.બી. એડ્સ, આ રોગ ભયાનક, વ્યસન કરતો નહી.
હાથ જોડીને તને વિનવું, આડી વાટે જતો નહી (૭)

*મરાઠીમાંથી અનુવાદ*

***સંકલન - શાંતિલાલ હીરજી લાપસિયા*** *(જલગામ)*

## અચાનક એક દિવસ

અચાનક એક દિવસ ઉત્તરાખંડમાં વાદળ ફાટ્યા
લાખો તણાઇ ગયા
અચાનક એક દિવસ કચ્છમાં ભૂકંપ આવ્યો
લાખો દટાઇ ગયા
અચાનક એક દિવસ દક્ષિણમાં સૂનામી આવ્યો
લાખો ગાયબ થયા
અચાનક એક દિવસ આસામમાં પુર આવ્યા
લાખો બેઘર થયા
અચાનક એક દિવસ ક્યાંક ઇમારત પડી ગઇ
કેટલાયે દબાઇ ગયા
અચાનક એક દિવસ ક્યાંક વિમાન પડ્યો
ત્રણસો ખતમ થયા
અચાનક એક દિવસ ટ્રેન પાટા પરથી ઉતરી ગઇ
પાંચસો જખ્મી થયા
અચાનક એક દિવસ બસ ખાઇમાં પડી ગઇ
પચાસ મરી ગયા
અચાનક એક દિવસ યમદૂત આવશે
આપણે પણ ચાલ્યા જશું !
જે થાય છે તે બધું અચાનક જ થાય છે.

**- સૌ. પુનમ (ખમા) પ્રફુલ મોમાયા** (નાગપુર)

## ઉખાણાં

પઢતો પણ તે પંડિત નહીં
પૂર્યો પણ નહીં ચોર
ચતુર હોય તો ચેતજો
મધુરો પણ નહી મોર !

ફાળ ભરે પણ મૃગ નહીં
નહીં સસલો, નહીં શ્વાન
મોઢું ઉંચું પણ મોર નહીં
સમજો ચતુર સુજાણ

ગુન ગુન કરતી ઊડી આવે
વળી વળીને આવે-જાય
એ નારી શું કામની
જે ભોજન બગાડી જાય !

બત્રીસ ભાઇની બેનડી
સદાય બાળે વેશ
રંગે લાલ રતુમડી
એના અંગે ના મળે કેશ

***સૌ. અંજુ લહેરચંદ નાગડા*** *(યવતમાલ)*

## CARD HI ADHAR !

Love is a
Post Card
Life is a
Visiting Card
Wife is a
Memory Card
Pati is a
ATM Card
Mother - Father are
like Pan Card
Child is an
Identity Card
But Friends are
like Aadhar Card
Har Jagah Pe
Kaam Aayenge

***- Gulabchand Chheda*** *(Surat)*

ક.દ.ઓ. પ્રતિભાવંતોની જ્ઞાતિ છે તેની જીવંત મિશાલ કમલેશ મણિલાલ મોતા ... પાના નં.૧ (મુખપૃષ્ઠ) થી ચાલુ...

**કમલેશભાઇની વિશેષતા : ભવનમાં અમિતાભ બચ્ચનની 'મધુશાલા'ની રજૂઆત હોય કે રવીન્દ્રનાથ ટાગોરની સ્મરણાંજલિ હોય કે આંતર કોલેજ નાટ્યસ્પર્ધા હોય, કવિ કે કારણસિંહનું વ્યાખ્યાન હોય, નાટકોનો ફેસ્ટિવલ, સંગીતનો જલસો હોય કે સાહિત્યિક પ્રવચનો, કોઇ પણ સાંસ્કૃતિક કે શૈક્ષણિક કાર્યક્રમ હોય, કમલેશ મોતાની વ્યવસ્થામાં તમને જોટો નહીં જડે.**

મારા મત પ્રમાણે ભારતીય વિદ્યા ભવન-કલાકેન્દ્રોની આઇટીડીસી, આઇએનટી, ઇપ્ટા જેવી દરેક કોમ્પિટિસન એટલે કલાકાર તરીકે કલાનાં વિવિધ પાસાં સાથે પરિચય કેળવવાનું માધ્યમ હતું મારા માટે. કોમ્પિટિશનમાં જેટલી વધુ તન્મયતા, કલા સાથે એટલો જ વધુ ઘરોબો. પ્રેક્ષકોની તાળીઓની ગુંજ મનને આનંદની પરાકાષ્ઠાનો અનુભવ કરાવે અને વધુ મહેનત કવા પણ પ્રેરે. આવા સમયે સમગ્ર રંગમંચ એક શાળા સમાન લાગે. ચોટદાર લેખન, સચોટ દિગ્દર્શન અને સમક્ષમ અભિનય થકી નાટકમાં માનવ સહજ સ્વભાવનાં પાસાં છતાં થાય અને પ્રેક્ષકોનાં દિલમાં ભાવનાઓનો જુવાળ આવે. અને આવો જુવાળ જ નાટકને સિદ્ધિ અપાવે એવી સમજણ કેળવતી ગઇ.

નિતનવા અનુભવ થકી જીવનમાં નાટ્યકલાની મહત્તા વધવા લાગી. નાટકજીવનનું રિફ્લેક્શન અને આસપાસ ઘટતી ઘટનાઓનો જ પડઘો અને પ્રતિબિંબ છે એવી સમજ સાથે દિગ્દર્શન ક્ષેત્રે પણ પ્રવેશ થયો.

મારા માટે ત્રણ દીવાલો વચ્ચે ભજવાતું નાટક એ માત્ર છીછરું મનોરંજન પૂરું પાડવાનું કે પૈસા કમાવાનું માધ્યમ નથી. એટલે જ રંગમંચના મર્યાદિત વિકલ્પોની પાર જઇને મને નવીન પ્રકારના પ્રયોગો હાથ ધરવા ગમ્યા છે.

કલાકારોમાં છુપાયેલી અભિનયપ્રતિભાને બહાર કાઢવા માટે જરૂરી ટ્રેઇનિંગ અને મહેનત મૂકવામાં હું સતત જાગૃત રહું છું. આ બધું જોતાં મેં અભિનય કર્યો હોય કે દિગ્દર્શન, પરંતુ નાટ્યસ્વરૂપ, દૃશ્યરચના, પાત્રોની જીવંતતા અને વાર્તાની રસિકતા થકી જીવન જીવવાની ફિલોસોફી છતી કરતાં નાટકોએ મારા દિલમાં સદાને માટે સ્થાન લીધું છે. 'નરસૈયાનો નાથ', ઓળખાણ 'ગુરુબ્રહ્મા', 'કાચના સંબંધ', 'સરસ્વતીચંદ્ર', 'અમારી દુનિયા તમારી દુનિયા' 'મુક્તિધામ', 'દીકરી વહાલનો દરિયો', 'પ્રમેય', 'શ્યામપ્રિયા' આ નાટકો વિશેષ ઉલ્લેખનીય રીતે પ્રેક્ષકોનાં દિલમાં લાગણીઓનું પૂર લાવી શક્યાં.

'નરસૈયાંનો નાથ' એમાં ઉજાગર થતી ભગવાન અને ભક્તની મૈત્રી, મારું છે એ ક્યારેય મારી પાસેથી જવાનું નથી અને જે ગયું એ ક્યારેય મારું નહોતું 'મૃત્યુંજય'ના એક નાનકડા વાક્યમાં સમાયેલી જીવન જીવવાની ફિલોસોફી, સંસારમાં પ્રેમ અને સત્તાની પરિભાષા સમજાવતું 'સરસ્વતીચંદ્ર', મા-દીકરાના સંબંધને દુઃખની કસોટી પર ચકાસતું 'મુક્તિધામ', લાગણીઓના સાગર સમું 'કાચના સંબંધ', કવિતાઓ થકી રાજવી પ્રેમ અને રાજસી અનુભૂતિ કરાવતું 'કલાપી' કેન્સરથી પીડાતી નાનકડી બાળકીનો ઇમોશનલ ડ્રામા આકારિત કરતું હિંદી નાટક 'હમ નીલ ગગન કે પંછી' ધર્મ પ્રત્યેની અંધશ્રદ્ધા અને વિવશતા ઉઘાડા પાડતું 'કાનજી વિરૂદ્ધ કાનજી', બાપ-દીકરીના સંબંધમાં છલકાતી અજાણ જિજીવિષા આલેખતું 'દીકરી વહાલનો દરિયો' તથા 'પ્રમેય' અને રાધા-કૃષ્ણના પાવન પ્રેમ થકી આજના જુવાનિયાઓને સાચા પ્રેમની પરિભાષા સમજાવતું અને મોડર્ન યુગમાં પણ પરિણીત જીવનને સદાકાળ પ્રેમથી હર્યુંભર્યું રાખવાનો સહજ અને સરળ માર્ગ ચીંધતું હિંદી નાટક 'શ્યામપ્રિયા' આ નાટકોએ મારા જીવનમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ભારતીય વિદ્યા ભવન કલાકેન્દ્રની આઇ.ટી.ડી.સી.થી શરૂ થયેલી મારી કારકિર્દી આજે અનુભવની ખાણ સમી બની છે. કલાકેન્દ્ર સાથે સતત કાર્યરત રહેવાને કારણે વિવિધ લેખકો, એક્ટર્સ, સાહિત્યકારો સાથે સંબંધ બંધાતા રહ્યા છે. ગિરીશ દેસાઇ બાદ સંસ્થામાં પ્રોગ્રામ ડિરેક્ટરના પદે નિયુક્ત થયો અને એ જવાબદારી નિભાવતાં, અલગ અલગ વ્યક્તિઓ અને એમનાં વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓને ઓળખવાનો મોકો મળતો રહ્યો છે. મારા જીવનના મજબૂત ચણતરનાં પાયામાં મુનશીજીએ સ્થાપેલી મહાસંસ્થા, ભારતીય વિદ્યા ભવનના વિશેષ આશીર્વાદ છે.

મંચપર વીતેલાં વર્ષો અને નાટ્યજગતની મારી સફરે મને નાટ્યકર્મી હોવા પર ગર્વની અનુભૂતિ કરાવી છે. નવલકથાની કાલ્પનિક વાતોને મંચ પર જીવંત કરતું નાટક, સાહિત્યનો સર્વોત્તમ પ્રકાર માની શકાય કારણ નાટકમાં જ છુપાયેલો હોય છે, વિચારોનો વંટોળ અને પરિવર્તનનો પથ

**કમલેશભાઇના પિતા મણીલાલ ગાંગજી મોતા-દલતુંગી, 'પ્રકાશ-સમીક્ષા'ના બાળ-વિભાગ, 'શિશુ-મહેલ'ના સંપાદક હતા. તેમના પ્રેરણામુર્તિ માતાનું નામ હેમલતાબેન.**


અસલ કલા-કસબનો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

## ક્ષમાપના....

(રાગ : હે પંખીડા જાજો વીરાના દેશમાં)
અવેરી થઇને ભૂલી જા તું આ વેરની ભાવના,
હે આતમા માંગી લે તું ક્ષમાપના,
જાણતે, અજાણતે મનદુઃખ થયા આપના,
હે આતમા માંગી લે તું ક્ષમાપના,
જો આત્મા થશે સાફ, તો જોવા મળશે પરમાતમાં,
હે આતમા માંગી લે તું ક્ષમાપના,
શું લાવ્યાતા ને શું લઇ જવાના આ જગમાં,
હે આતમા માંગી લે તું ક્ષમાપના,
**'રશ્મિન્'** કહે સૌ હેતે ભેટીને વધારીયે પ્રેમની ભાવના,
હે આતમા માંગી લે તું ક્ષમાપના,

**- રશ્મિન ખોના** *(મુંબઇ)*


## ઢોલી ઇબ્રાહીમ અલી મહોમ્મદ

**(જુના અને પ્રખ્યાત કચ્છ માતાનામઢવાળા)**
**ડાંડીયા રાસ, લગ્નગીત, વરઘોડા, ડાયરા,**
**ઢોલ-શરણાઇના દરેક સ્ટેજ પ્રોગ્રામ...**
૨૦૫-એ, નટરાજ અપાર્ટમેન્ટ, કિસનનગર, પંચપરમેશ્વર મંદિર પાસે મુલુન્ડ ચેકનાકા, થાણા-૪૦૦૬૦૪.
સંપર્ક : મો : **9892539327** • ઘર : **25800129**


## નલીનપુર નારી નિગમ

**યોજે છે...**

# વાણિજ્ય મેળો

**સ્થળ : સારસ્વત વાડી, મુલુન્ડ (વેસ્ટ)**
**દિવસ : શનિવાર તા.૫.૧૦.૨૦૧૩**

**સ્ટોલ રાખવા આમંત્રણ છે.**

**-: સંપર્ક :-**

| | |
|---|---|
| હીના લોડાયા | 9820318345 |
| વીણા નાગડા | 9967666380 |
| નીલમ નાગડા | 9833848403 |
| પૂર્વી છેડા | 9920328602 |
| માલિની નાગડા | 9223259383 |
| ભાવના ખોના | 9987839009 |

**આપ સૌના સહકારની અભ્યર્થના...**

## શ્રી ભલારાદાદા સ્થાનક કુવાપધર ધ્વજા મહોત્સવે

### હાર્દિક આમંત્રણ

શ્રી ભલારાદાદા સ્થાનકે ૧૬મા ધ્વજા મહોત્સવ પ્રસંગે સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે.

**મુંબઇથી પ્રસ્થાન :** બુધવાર **તા.૧૧.૧૨.૨૦૧૩** સયાજીનગરી ટ્રેન દ્વારા, કચ્છથી રવાના, શનિવાર તા.૧૪.૧૨.૨૦૧૩ના કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા, સ્થાનિકે ધ્વજા મહોત્સવ શુક્રવાર તા.૧૩.૧૨.૨૦૧૩ સંપૂર્ણ પ્રવાસ તથા ધ્વજા મહોત્સવના લાભાર્થી **માતુશ્રી રાજબાઇ પદમશી ખીમજી મોતા પરિવાર** (કુવાપધર-હૈદરાબાદ) હસ્તે **સૌ.મીનાબેન ગુલાબચંદ મોતા.**

વહેલી તકે નામો લખાવવા વિનંતી જેથી ટીકીટો કઢાવવામાં સુગમતા રહે. જે પણ ભાઇ-બહેનને આવવાની ઇચ્છા હોય તેમણે ટોકન રૂા.૧૦૦૦/- ભરી નામ લખાવવા વિનંતી. નામો લખાવવાની અંતિમ **તા.૩૦.૯.૧૩** સુધી (ટોકન નોનરીફંડેબલ રહેશે.)

**-: સંપર્ક :-**

| | |
|---|---|
| પદમ સોજપાર મોતા | - 09321101201 |
| વિનોદ ખેતશી મોતા | - 09321286627 |
| મુલરાજ ગોવિંદજી મૈશેરી | - 09867660210 |
| રાયચંદ દેવશી જીવાણી | - 09833043749 |
| કુંવરજી હરશી લોડાયા | - 09820252955 |

॥ શ્રી સચ્ચાઇ માતાય નમઃ ॥ ॥ શ્રી વાછરાદાદાય નમઃ ॥

## શ્રી કુરૂવા પરિવાર-ગોધરા તથા બાયઠ

સર્વ ભાવિકોને જણાવવાનું કે ગોધરા ગામે શ્રી કુરૂવા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઇમાતા તથા શ્રી વાછરાદાદાની ગંધી બદલાવાનો કાર્યક્રમ તા.૧૭.૧૧.૧૩ના રવિવારના છે.

શ્રી કુરૂવા પરિવારના ભાવિકો તથા નિયાણી બેનોને સહપરિવાર સાથે તા.૧૬.૧૧.૧૩ સુધી ગોધરા પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**શ્રી કુરૂવા કમિટી મેમ્બરોના**
**જય જિનેન્દ્ર**

# તપસ્વીઓની નામાવલી-સં.૨૦૬૯

## ધન્ય આપની તપોભાવના, વધારી જિનશાસન પ્રભાવના, કરીએ ભૂરીભૂરી અનુમોદના...

### ડોંબિવલી

| | | |
|---|---|---|
| લલીત રતિલાલ લોડાયા | મોટીખાવડી | ૩૬ |
| પૂનમચંદ જીવરાજ નાગડા | નલીયા | ૩૦ |
| સુમનબેન ચંપકલાલ ખોના | રંગપુર | ૩૦ |
| પ્રવિણ પરેશ દંડ | સાંધવ | ૩૦ |
| પ્રફુલા ભરત લોડાયા | મોટીખાવડી | ૧૬ |
| કિન્નરી રતીલાલ રતાણી | તેરા | ૧૬ |
| નિતિન રતીલાલ લોડાયા | મોટીખાવડી | ૧૬ |
| કલ્પના નીતિન લોડાયા | મોટીખાવડી | ૧૬ |
| ગૌતમ નરશી ખોના | ભરૂડીયા | ૧૬ |
| રમેશ હીરજી લોડાયા | દલતુંગી | ૧૧ |
| રાજેશ પ્રવીણચંદ્ર મૈશેરી | મોટીસિંધોડી | ૧૦ |
| નિર્મલા ભરત લોડાયા | મોટીખાવડી | ૯ |
| લહેરચંદ પ્રેમચંદ ધરમશી | ગોરખડી | ૯ |
| મિતા અશોક લાપસીયા | દલતુંગી | ૯ |
| પુજા ઉદય ધુલ્લા | સુથરી | ૯ |
| શીતલ અતુલ મોમાયા | રાણપર | ૯ |
| મંજુ રાહુલ શાહ | સુથરી | ૮ |
| રેખા લલિત લોડાયા | મોટીખાવડી | ૮ |
| વિરાલી પરેશ ખોના | ધ્રાફા | ૮ |
| પિયુષ ભાઇચંદ ધરમશી | રંગપુર | ૮ |
| તનવી હિતેશ પોલડીયા | ડુમરા | ૮ |
| યુવરાજ શરદ પોલડીયા | ગોએરસમા | ૮ |
| ચિત્રાબેન કુમારપાળ ધરમશી | જખૌ | ૮ |
| ધવલ ઉમેશ ખોના | સાંધવ | ૮ |
| ઐશ્વર્યા ચંદ્રકાંત લોડાયા | વારાપધર | ૮ |
| ગિરીશ દામજી મૈશેરી | રાપરગઢવારી | ૮ |
| કાજલ ગિરીશ મૈશેરી | રાપરગઢવારી | ૮ |
| દિશા હિંમત લાપસીયા | રંગપુર | ૮ |
| આશિષ સોમચંદ મોતા | જશાપર | ૮ |
| મનાલી રાજેશ શાહ | ગોરખડી | ૮ |
| રેખાબેન રમેશ નાગડા | રાપરગઢ | ૮ |
| રક્ષા પદમકુમાર નાગડા | વારાપધર | ૮ |
| કાજલ વિજય ધરમશી | સાંયરા | ૮ |
| ભારતી મનોજ ખોના | તેરા | ૮ |
| બિંદી ભારતી દંડ | નાનીખાવડી | ૮ |
| દેવી ચેતન મોમાયા | નલીયા | ૮ |
